धारापती जगदेव परमारनां
नाटकनां गायनो

ડુંગળવદ સત્યસુબોધ નાટક કંપનીને માટે.

બનાવનાર.

निर्भयराम पुरुषोत्तम शुक्ल.

આવૃત્તિ પહેલી.

નડીયાદ સત્યસાગર પ્રેસ

સંવત ૧૯૪૬—સને ૧૮૮૯

કિંમત બે આના.

धारापती जगदेव परमारनां नाटकनां गायनो.

હળવદ સત્યસુબોધ નાટક કંપનીને માટે.

બનાવનાર.

निर्भयराम पुरुषोत्तम शुक्ल.

આવૃત્તિ પહેલી.

નડીયાદ સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૬—સને ૧૮૮૯

કિંમત બે આના.

४११५

धारापती परमार जगदेवनां नाटकनां गायनो.

મંગલાચરણ.

સર્વપાત્રો— રાગ કલ્યાણ—(ઈંગ્રેજી રાહ.)

શ્રી રમાપતી, આપજો રતી;
જગતપાળ હો દયાળ. અજબ તુજ કૃતી. શ્રી૦
તુજ પદ વંદન, જગદા નંદન; મોહન ગુણ મણીમાળ.
વિપદ વિદારણ, રે ભવતારણ; છઇએ તમારા બાળ. શ્રી૦
અપૂર્વ જગદેવ ચરીત્ર, ઈતીહાસે અપાર;
તે નાટકરૂપે ભજવી બતાવે, સત્ય સુબોધ નિરધાર. શ્રી૦
તન મન ધન પ્રિતી નીતી, ટેક ને ન્યાય;
નિત્યે વૃદ્ધિ પામે, એવી સુમતી દ્યો જગરાય. શ્રી૦
યથા શક્તિ આ ખેલ ભજવવા, પેહેલ કરૂં પરમેશ;
રસના રશીને રહેમ કરીને, રસીક કરો રસેશ. શ્રી૦
સ્વદેશનું તું પ્રભા થકી, પ્રભુ તામસ તમને ટાળ;
સંપામૃત સિંચી મૃત પ્રિતી, જીવતિ કર જગપાળ. શ્રી૦
સત્ય સુબોધ રીતનો બોધ, અરપે છે આ કાળ;
વીર વડીલનાં પ્રાક્રમ દેખી, જાગે કેસરી બાળ. શ્રી૦

મંગલાચરણ થઇરહ્યા બાદ સૂત્રધાર આવે છે, તે કેટલુંક ભાષણ કરીરહ્યા પછી નટી તેની આજ્ઞાથી નિચેનું ગાયન કરે છે.

નટી— **ઠુમરી.**

આજ જીયા મોરેમન બસ ગઈરે એ રાગ.

આનંદે અતી જુવો સજ્જનો દિલ દઈરે;
પ્રિયા કેરે સાહસ કામ ભલા. આનંદે૦
પ્રિયા પ્રિયતો ત્યાગ કરાવે, આપેલ તેતો પાછાં મંગાવે;
શઠ જાત થઇ શઠ હઠ કરે રામા, જેથી શાસ્ત્રે ફિટકારીરે. આ૦
જગદેવ જેવો નૃપતીને તન, દ્વેષ દ્રષ્ટીથી કઢાવે વન;
જગદેવ શૂર નુરનો સાગર, યુદ્ધમાં જેવો કેશરીરે. આનંદે૦
જગદેવ વિરમતી બન્ને સંગે, વસ્યા આણહિલપુરમાં તે ઉમંગે;
સિદ્ધરાજ રાજ માહારાજને ત્યાં, નોકર રહી રે. આનંદે૦
સતીનું શીયળ ભંગ કરવાને, આવ્યો લાલખાં ત્યાં નવરંગે;
ક્ષત્રીવટ કરી ઝટપટ, શીયળ રાખ્યું પોતે ધર્મ સહીરે. આ૦

આ નટીનું ગાયન ગાઇરહ્યા બાદ અત્યંત ખુશી થયેલો સૂત્રધાર નિચેનું ગાયન બોલે છે.

સૂત્રધાર— **રાગ પીલુ.**

ધન્ય નારી આ વાણી તારી, ખુશી કરે તું સમય વિચારી; ટેક
જેરે વિષયમાં ધર્મને નિતી, તેની શોધો બતલાવે તું બારી. ધન્ય૦
મન મારામાં ઇચ્છા હતી જે, ગનની જાણી પ્રિય તેં ઉચારી, ધન્ય૦
પતીવૃતાનો ધર્મ ને નિતી, નેક ટેક વળી તેના અપારી. ધન્ય૦
સતીરે શિરોમણી વિરમતી જેવી, પ્રગટો સદા જગ ક્ષત્રીકુમારી. ધ૦
શૂરવીર જગદેવ જેવા ક્ષત્રી, નેક ટેકવાન થાજો આ વારી. ધન્ય૦

આ ગાયન પછી પણ સૂત્રધાર કેટલુંક ભાષણ કરી જાય છે કે પડદો ઉપડે છે.

શ્રી
ધારાપતી જગદેવ નાટકનાં
ગાયનો.

અંક ૧ લો.

પ્રવેશ પેહેલો.

રાજાઉદીયાદિત્ય—(રાજ્યસબંધી હકીકત પ્રધાનને પુછેછે.)

રાગ-ગઝલ.

રાજનો વ્યવહાર તમે સચીવ કેમ કર્યો,
સુખી છે પ્રજા સહુ કે, દુઃખી વિચરો.
ન્યાય કેરૂં કામકાજ, શું તમે કર્યૂં;
સચીવ સર્વ કહો, મુને ચિત્તરે ધર્યૂં.

પ્રધાન— (જવાબ આપેછે.)

રાગ-ઉપરનો.

માહારાજ રાજ, આપનાં ચર્ણમાં નમી;
આપનો જવાબ આપું, નહિ જરા કમી.
આપના હુકમ માફક, રાજ કાજ કરૂં;
પ્રજા હિતે પૂર્ણ પ્રીતે નિત્યે પરવરૂં.
ન્યાય છે અદલ, નથી પ્રજા કોઇ દુઃખી;
પૂર્ણ પ્રિતી આપની, વિષે સૌ સુખી.

લેકીન માહારાજ આપકી પ્રજાકા રક્ષણ બહુત અચ્છી તરાહ-સેં રખતાહું સરકાર.

રાજા—(સૈનાધિપતીની નોકરીની કદર પિછાને છે.)

ગઝલ.

સૈન્યના સૈનાધિપતી, બુદ્ધિમાં અપાર;
વાત મારા દિલતણી, કહુંછું હું વિસ્તાર.
વૃદ્ધાવસ્થા થઇ તમારી, કામ મુજ કરી;
નોકરી તમારી દેખી, કદર મેં ધરી.
પુત્રને સોંપોને તમે, ચાર્જ તમારો;
ધર્મ દાન નેમ કરી, ઇશ સંભાળો.

સૈનાધિપતી— (રાજાની પ્રિતી જોઇ અરજ ગુજારે છે.)

ગીતી.

કદરદાન છો ભુપતી, વચન કહું સુને અતિય હિતકારી;
થર થર ધ્રુજે કાયા, નોકરી કરવી થઈ પડી ભારી.
ઉપકાર માની હું આજે, કાજ કરૂં હું સદાય હિતકારી;
સત્તા મારી સૌ સોંપું, આપ હુકમથી પુત્રને આવારી.

રાજા—(પ્રધાનને)

રાગ બરવાની ઠુમરી. રામ રતન ધન પાયો એ રાગ

સુન મમ સુજ્ઞ પ્રધાના, નહિં અજાનારે. ટેક.
સોલંકીણી રાણીને પુત્ર થયોછે રે, જગદેવ નામતો સીયાના. સુ૦
કચેરીમાં કેમ નહિં આવે, ઉમર કેટલી છેલાનાં,
નહિ અજાના રે. સુ૦
આજે બોલાવો પુત્ર જગદેવનેરે, જેથી મુને થાય સુખતાના,
નહિં અજાનારે. સુ૦

રાજા—(જગદેવ કચેરીમાં આવેછે તેની નબળી સ્થિતી જોઈકહેછે.)

ગઝલ.

જોઇ જગદેવ તુને, ખેદ એક છે મુને;
પણ ખુશી થાઉં ઘણો, રૂપે ગુણે દેખા તુને.
કદી આવાં નહિં છાજે, તેવાં તેં કપડાં પહેર્યાં;
હાથ કાન આદિ નહીં, કાંઇ આભુષણ ધર્યાં.

જગદેવ—(તેનો ઉત્તર આપે છે.)

લાવણી. મુજઉપર ગુજરી. એ રાહ.

આ જગદેવ પ્રિતથી પાસ તમારી આવ્યો;
હવે કરોને મુજપર મેહેર, પેર સંભળાવો. ટેક.
મુજ ઉપર દુ:ખ અંબાર, જનક કંઇ જાન્યો;
તમ મુખ નિહાળી સુખ, અતીશે પામ્યો. આ૦
નહિં આપ વિના આધાર, જગતમાં જાણો;
મુને રહેમ દ્રષ્ટી કરી જુવો પ્રેમ મન આણો. આ૦

રાજા—(જગદેવની હુશીઆરી જોઈ પ્રસન્ન થઇ ગાય છે)

ઇંદ્રસભાની ગઝલ.

અતી હું ખેદ પામીઓ, ખરેખરી શુણી વાત;
હ્રદય ભરાય છે મહારૂં, આ વખતે સાક્ષાત.
બોલાવી ખજાનચીને, આપું હું ઇનામ;
મારો પુત્ર લાડકો, કરૂં એહનું કામ.
રાજ ધર્મ વિચારતાં, દુ:ખીયું દિલ મુજ થાય;
આજલગી આવી દશા, પુત્રની કેવાય.
ખજાનચી એક થેલી દે, જગદેવને આ વાર;

પ્રધાન મારા તમે હવે, નજર રાખજ્ને સાર.

જગદેવ—(ખુશી થઇ.)

ગીતી.

આપે આપ્યું નાણું, તે જોઇ મુજને હર્ષ અતિ આવે;
પ્રતાપવાનજ મોરા, ખબરજ થાતાં અન્ય મા રીશાવે.

રાજા—(જવાબ આપે છે.)

ગીતી.

ફિકર કરે નહિં પ્યારા, ડરને તું કર દૂર સદા તનથી;
સભામાં નિત્યે આવો. આભુષણ ધરી હોંશ કરી મનથી.

પ્રવેશ બીજો

દાસી—(રાણી પ્રત્યે.)

રાસડો.

હું ગઇતી આજ, બાઠ મેહલની માંહીરે;
ત્યાં અચરજ દીઠું એક શું કહું આંહીરે.
દુહાગણના પુત્રને રાયે બોલાવીરે.
ત્યાં અદકું દીધું માન ઘેલી દીધી લાવીરે.

રાજા—(રાણીને) **ગીતી.**

ચંદ્ર વદની પ્રિયા, રસ યુક્ત નથી કારણ કોણ અરે;
મૃગનેનીનાં નેણે, સીતાલ તાતનિ કારણ કોણ ખરે.

રાણી—(રાજાને.)

બનજારો.

શું કહું પ્રિય હો મારા, તમે ઉત્તમ કુળના પ્યારા;

મુજ શોક તણું એ તન, તેને શાને આપો તમે ધન;
હિત માટે વિનવે આ દારા, તમે ઉત્તમ કુળના પ્યારા.
જગદેવ જાણે જંત્ર મંત્ર, નિશ્ચપણે કરેલ કુતંત્ર;
આમ ભોળપણે ભગનારા, તમે ઉત્તમ કુળના પ્યારા.
તમ મનથી તમે એને ચાહ્યો, તેથી સ્વામી મારૂં મન દાહ્યો;
આ કૃત્ય સર્વે અવિચાર્યાં, તમે ઉત્તમ કુળના પ્યારા.
માની મારૂં મંગાવો પાછું, દેખી કદર આપની હું રાચું;
નથી અવર ઉપાવજ મારા, તમે ઉત્તમ કુળના પ્યારા.

રાજા— (રાણીને સમજાવે છે.)

રાગ આશા.

શુણ પ્યારી તારી વાણી નઠારી, અંતર કાઢથી તારી ખુવારી. ટેક.
પાટવી પુત્ર ખરોછે તમારો, પણ જગદેવ નજર ઠારશે મારી. શુણ૦
પાછું મંગાવે લાજે કુળ મારૂં, નગર પુછે હું આપું હજારી. શુણ૦
દુહાગણી રાણી પ્રાણથી પ્યારી, કહો અવિચારી જેનાં મતીમારી. શુણ૦
મન મલકાઈ કર નહિં વાતો, આવા દિન નથી રહેના સદાઇ. શુણ૦

રાજા— **ગીતી.**

આજે માંડવગઢથી, પત્ર આવ્યો બોલાવ્યો મુજને;
જાવું મારૂં થાતાં, રાજ પુત્ર સાચવજે કહું તુજને.

રાણી— રાસડો.

મુને દુઃખણી કરી માહારાજ, પ્રિતમ પ્યારારે;
તમ વિયોગથી નવ રહેવાય, દુઃખો આ દારારે.
વ્યાકુળ ફરૂં દિન રાત, ચેન ન સુજનેરે;
મુંને મંદીર ખાવા ધાય, શું કહું તમનેરે.

મુને ગમે ન સજવા શણુગાર, તેલે ન રાચુંરે;
નેણે કાજળ સારન કાજ, કોને નવ જાચુંરે.
તમે વખતો વખત માહારાજ, જાઓ વિદેશેરે;
હજુ આવે થયોછે માસ. ધીર ન રેહેશેરે.
નહીં જાવા દેશ મારા પ્રાણુ, સોગન ખાઉંરે;
હું કર જોડી રહુ પાસ, કયાંય નવ જાવુંરે.

રાજા— ગઝલ.

ગયા વિના ચાલે નહીં, કરવો શું ઉપાય;
જેમ બને તેમ આવું, જલ્દી પંથ પલાય.

રાણીવાઘેલી—સિંહાનોકન્હરો. (રાજાપ્રત્યે.)

લક્ષ ધરોને વિનતી આ મારી, વિયોગના દુઃખથી પિડાઉ આપ્યારી. ટેક
અબળા નારનું જોર ચાલે નહીં, તેથી શાન્ત રહીશું આવારી. લક્ષ૰
આપ વિયોગે ચેન નમુજને, માટે પધારો સમય વિચારી. લક્ષ૰
જીવ્હા મારી પધારોરે કહેતાં, કેમ કપાણી નહિં આ વારી. લક્ષ૰

પ્રવેશ ૨ જો.

જગદેવ—(પોતાની પ્રાણપ્યારી વિરમતી પ્રત્યે.)

બનજારો.

શુણુ પ્રાણ પ્રિયા મુજ પ્યારી, લે વાતજ દિલમાં ધારી.
ચંદ્ર વદન છે તુજ કાન્તી, જેથી થાય સદા સુખ શાન્તી;
કંઠે કોકિલા જાય વારી, લે વાતજ દિલમાં ધારી.
તારા હોઠ દિસે પરવાળા, કલીસમ દેખું દંત તરા;

સુંદર ઝાંઝરની ઝમકારી, લે વાતજ દિલમાં ધારી.
મૃગનેન દેખી ગયા વનમાં, ફિર નાસ્યા દેખી જંગલમાં;
ગાલ ગુલાબી આનંદકારી, લે વાતજ દિલમાં ધારી.
તારો વેણુ ભુજગ પ્રમાણી, હસ્તી સુંઢ લજાવે પાણી;
ભાલે ટીલી શોભે છે સારી, લે વાતજ દિલમાં ધારી.

વિરમતી—(જગદેવને)

વખતોવખત માનુંગી. એરાહ.

જન્મોજન્મ હું દાસી તમારી, દિન વિયોગે કેમ જાશે મારાપ્યારા.ટેક
શૂરવીર ધીર બીજા અર્જુન, ધર્મ કર્મમાં કુશળ મારા પ્યારા.જન્મો૦
હાસ્યવિનોદ ને કામ ક્રિડામાં, રતી પતી લાજી રહે મારાપ્યારા.જન્મો.
બત્રીશ લક્ષણ ગુણ ઘણાછે, રૂપ મનોહર છબી મારા પ્યારા. જન્મો૦
વિવેકથીમારી કરી પ્રશંસા, તે ભુલનારી તમદાસી મારા પ્યારા. જ૦

જગદેવ—(વિરમતીને)   **ગરબી.**

મૃગને મારોજી એ રાહ.

શાણી રાણી કહાણી કહું તે, ધ્યાન દઇ ધરો કાનેજી
મદમતી ગજપતી રતીનારી, દેખી પુરૂષ મનમાનેરે. સાંભળપ્યારીજી
તેથી કુલટાનો સંગ ન કીજે, રજની બહાર નવરૈયેજી;
કામ વિના પરઘેર ન જાવું, વધુ શું તમને કહીયેરે. સાંભળપ્યારીજી
અન્ય પુરૂષશું ગોષ્ટી નવ કરવી, અરીનો સંગ ન કરવોજી;
માત પિતાને બંધુરે જનનાં, સક્ષોનો બોલ મન ધરવોરે.સાંભળપ્યારીજી
પત્ર લખી પતી તાપ મટાડવા, હોંશ રાખો નિત્ય દિલમાંજી,
પતીવ્રત પુરણ પાળવા કારણ, ભંગ નકરશો શિયળમાંરે.સાંભળપ્યારીજી

વિરમતી—

સ્વામી ફિકર ન રાખો, પતીવૃતાછે સદાય આ નારી;
ભૂલ કદી નહિ આવે, ઇશ પ્રતાપે વરતીશ દિલ ધારી.

વિરમતી—(સાસુને)

લાવણી.

મુજ શિર છત્ર (૨) સાસુજી પુન્ય પવિત્ર;
માત તાત મુજ ભ્રાતથી તેડું આવ્યોછેરે વિપ્ર.
હું માગું શીખ (૨) ધરી આપ ચરણ મુજ શિષ;
જે ભૂલચુક હોય તે માફી કરીને, આપીએ આશિષ.
મારૂં મન તલફે (૨) રહેવાને આપ હજુર;
પણ વિચાર કરતાં ભાસેછે ત્યાં જવાતણો જરૂર.
તમ વિયોગથી (૨) જાશે નહિં મારા દીન;
હું જલ્દી પાછી આવીને, થઇશ આપતણે આધીન.

સાસુ—(વિરમતીને)

લાવણી.

હું કહુંછું તુજને આજ, સાંભળને શાણી,
મુને યાદ આવશે વખતોવખત તુજ વાણી;
ગુણીઆરી રાણી તું, ચિત્ત સેવામાં રાખે;
ભણતર ગણતરનો, સ્વાદ નિત્ય તું ચાખે.
સાસુ પતિ તણાં તેં વેણ, સદાએ સાંખ્યાં;
કોઇ દિવસ દુઃખ, અમને નવ દાખ્યાં.

પ્રવેશ ૪ થો.

ઉદિયાદિત્યરાજા—(પ્રધાનને)

કહોતો રાજા સાથે હું આવું એ રાગ.

કહો કામ કેમ કર્યું રાજનું મારૂં, પાછળથી તમે શું રે વિચાર્યું. કહો.
કુંવરો પરણાવ્યા સારી જગાએ, કામ કર્યું એ તમે બહુ સારૂં. કહો૦
કાલે સકલ મારા સામે આવ્યા, જગદેવ શાને ન આવેલ વારૂ. કહો૦
છળબળ કળાથી શું નિપજાવ્યું, શું રે કર્યું તમે સારૂં નઠારૂં. કહો૦

પ્રધાન— (હાથ જોડીને રાજા પ્રત્યે)

રાગ ઉપરનો.

આપે ભલી પુછી વાત વિચારી, શિષ નમાવી કહું વિસ્તારી. આપે૦
પાટની પુત્રની વેરે આવી, ગૌડબંગાલ રાજ કુમારી. આપે૦
રાજા રાજની રાજદુલારી, પાંડવ કુળમાં બહુજ રૂપાળી. આપે૦
વિરમતી રૂપ ગુણે ભરેલી, જગદેવ તનને એછે વરેલી. આપે૦
મુલકી વહિવટને વળી ફોજદારી આવી ઉપજછે અતિશે સારી. આપે૦
પક્ષકારોને ન્યાય મળ્યોછે, પ્રજાની હાલત તો નથીરે નઠારી. આપે૦

રાજા— ગીતી.

જગદેવ નહિં કચેરી, બોલાવો આ વખત હુકમ મારો;
તેને દીઠે મારૂં, હૃદય થાયછે સુખી સદા ધારો.

જગદેવ—(પિતા પ્રત્યે પોતાની સ્થિતી કહે છે.)

રાગ આશા.

સ્નેહ ભરેલ પિતાજી હમારા, પુન્ય પ્રતાપ રંક ગુજારા. ટેક.
જાણુ નથી થઈ પ્રાણપિતાજી, જાણ્યું નહિ જે આપ પધાર્યા. સ્નેહ૦
હુકમ કર્યો નિત્ય ખર્ચનો આપે, કાજ સર્યાં નહિ પાછળ મારાં. સ્નેહ૦

દોષ નહિં પણ રોષ ધણોછે, વાઘેલાં માજીને દોષ હજારા. સ્નેહ૦

રાજા— (જગદેવને)

રાગ ભૈરવીનું તાન.

મેરો રસીઓ બાલમ કયાં ગયો એ રાહ.

મારા બાલા બુદ્ધિ વિશાલા, મૃદુલ વચન તારૂં વદન મનોહર.

તનમનથી આપું દુસાલા મારા બાલા.

ઢાલ જમૈયો ખડગ કટારી, ઉતરી જનોઈ બાજુ લે મતવાલા. મા૦

શિર કલકી શિરપેચને તોરો, પોંચી કંકણુ આપું મોતીકંઠમાળા.મા૦

રોક રૂપૈયા વસ્ત્ર શુસોભિત, લોજી કવચ સાંગ ને બાલા. મા૦

સાજ સહીત અશ્વ પાટવી આપું, કબુલ કરોને દુલારી. મા૦

જગદેવ—ગીતી. (ઉપરની તમામ ચીજ પોતાને સ્વાધીન કરી)

પિતા આપ વિચારી, આપ્યું તેનું માન્ય કરૂં આજે;
પણ વાઘેલી માતો, પાછું લેશે આપો શા કાજે.

રાજા— ગીતી.

ફિકર તજ મુજ પ્યારા, જીકર થકી કહિ ડરૂં નહીં જે હું;
પાછું કદી ન મગાવું, વાઘેલી સ્રિ કરે મને શું.

પ્રવેશ ૯ મો.

દાસી—(વાઘેલી રાણીને)

ગઝલ.

આજ બાઇ રાજે આપ્યું પુત્રનેરે માન,
દીઠી વાત આપને કહું છું દિલજાન.

દુહાગણીના પુત્રજનું નામ છે જગદેવ.
પ્રિતથી બોલાવી કરી આપ્યું તતખેવ.

બાધેલી—ગઝલ. (દાસીને)

જગતમાં લુચ્ચા લફંગા આવીને મળે, રાજને ફસાવવા રે વાત બહુ કરે.
કાળીયા કુકર્મી જન ફાવિયા ઘણા, રાજને શું આવીઆ છે ગુણ તે તણા.
સોલંકી રાણીને પોતે રાખ્યાંછે ભુવન, તંત્ર મંત્ર જંત્રથી ભમાવીયા રાજન
વાતતારી સાંભળી અંગાર લાગ્યોતન, જલ્દીદાસી લાવતું મંદીરમાં રાજન

રાણી— (રાજાને) **ગીતી.**

સ્વામિ અલંકાર આજે, આપતણા કેમ નથિ દેખાતારે;
કરિ લાગેછે ખુશાલી, કહેતાં શિદને પડોછો પાછારે.

રાજા— (રાણીને.)

ગઝલ.

પ્રિયા જે બનેલ આજ ક્રિયા તે કહું, જગદેવ તનનો નિવાજી થયો છું હું;
અશ્વ અલંકાર આસી આપીયા ઘણા, તેને જોઈ આવીદયાબાકીનહિં મણા.

રાણી—(ક્રોધથી રાજાને)

ભલેને આપે ક્રોધ કરી એ રાહ (ઈંગ્રેજી)

ભલેને આપે ત્યાગી મુને, ચિંતા તેની નવ ધરૂં;
રીસાઈ બેસું આપથી, વગરપૂછે કામ કર્યું. ભલેને૦

શૃંગાર અંગ ધરૂં કદી ન, આપ સંગ નવ વદું
શોક પુત્રને બોલાવી, આપોને કુંવરપદું. ભલેને.
અશ્વને અસી કટારી, આપી તમે પ્રિતથી.
ત્યાગી આજ પુત્ર મારો, તેને આપ્યું હિતથી. ભલેને.
નથી તમે નાથ મારા, સ્ત્રી નથી હું તમ તણી.

દુલા ગણીનાં માન મારે, ગતી કરોને તે ભણી. બલેને.
જો કદાચિ પ્રિત મારી, રાખવાને મન કરો,
જગદેવને આપ્યું તમે તે પાછું લેવા મનધરો. બલેને.

રાજા—(રાણીને)

બનજારો.

વણ આગે બજેજીવ મારો, ધિક ધિક તુજ વિચારો.
મુળ રાજ તણીછે નિતી, તેનો નાશ કરેછે અનિતી;
નિતી ધર્મ ધુરંધર ધારો, ધિક ધિક તુજ વિચારો.
નિતી વેદ તણોછે ભેદ, નિવારોને મનનો મેદ;
અત્યાર તત્વ ગહારો, ધિક ધિક તુજ વિચારો.
ગીતા વિના જ્ઞાન ઉચરવું, નિતી વિના કામ જે કરવું;
જેમ તાલ વિના ગાનારો, ધિક ધિક તુજ વિચારો.
કોઈ બુરૂં કરે તે તજવું, ભજે તેને હમેશા ભજવું;
ગુણ લેવો સખડનો સારો, ધિક ધિક તુજ વિચારો.
શૂરવીર જગદેવ ધાર, તેની કેમ કરે તું અધાર.
છોડી દ્વેષ તમે કરો પ્યારો, ધિક ધિક તુજ વિચારો.
દીધી વસ્તુ મગાવું ન પાછી, રાણી છોડ હવે ઉદાસી;
રવી ઉગતે ઉપચારો, ધિક ધિક તુજ વિચારો.

રાણી—(રાજાને)

ભૈરવીનું તાન

કરબતીયાં એ રાહ.

મારા પ્યારા સ્વામીરે, મન આકુળ થાય, સકુંચીત કામ મારા
ધિર નથી મુજ તન મન આંહીરે, ખાઊં કટાર મારોજીવ ગભરાય. માર
તલવાર અશ્વ કટારી જેરે, શોભે રાજ સંગે સદાય. મારા પ્યારા.

જોશો વિચારી દીર્ઘ દ્રષ્ટીથીરે, એ ત્રણ ચીજે રાજ શોભાય. મારા૦
એ નગંગાવું અમજગ ત્યાગું રે, ગવર નથી હવે દાસીનો ઉપાય. મારા૦
રંગ મેહેલતંજી રહેવાને ચાહું રે, શિશનમાવી હવે માગુંછું રજાય. મારા૦

રાજા—(જગદેવને)

રાગ ગઝલ.

આહો પુત્ર તુજને દેખીને હું તો દુઃખીઓ થાઉંછું અતી. ટેક.
જે મેં આપીયું તુજને સહી, તે મંગાવીયું પાછું અહીં.
તેથી મારૂં થાય નઠારૂં, ખરી હંશ તાહરી ગહન ગતી. અહો૦
પાછી ત્રણ ચીજ મંગાવતાં, તન મન મુજ ન ચાહતાં;
મૃગાનેણી વાઘેલી હઠથી, મૂઢ થઈ મારી અતી મતી. અહો૦
અફશોસ છે મુજને ઘણો, હાય મારી કાયાને રાખતો.
શૂરવીર કરને ધીર હવે, પછી આપે ધારાપતી; અહો૦

જગદેવ—(પિતાને)

ત્રોટક.

વિનતી કર જોડી કરૂંછું હવે, ઘણી હોંશ મુને પરદેશ જવે;
પરદેશ જવા ઘણી હોંશ ધરૂં, રજપૂત ખરો કદી હું ન ડરૂં.
તમ મહેર કરો નિજ છોરૂપરે, છરૂં સુનું પિતાજી તમારૂં ખરે;
મમ તાત દયાળું નકીજ તમે, અતિ પ્રીતિ તમારીથી મન રમે.
મુજ પૂજ પિતાજી મહેર કરો, તમ છોરૂ તણી વિનતીજ ધરો;
સરપાવ ગયે મમ સુખ ગયું, ધિક નામ અને વળી નાક ગયું.
ફરિવાર મળું અવતાર નવે, ધરજો વિનતી નિજ સ્થાન રવે.

પ્રવેશ છઠો.

રાજા— (મનમાં દિલગીરી કરે છે)

રાગ રામગ્રી.

કોપ આ દૈવ તેં શો કર્યો, થયો પુત્ર વિયોગ;
શું રે કરું રાજપાટને, મેં વિચાર્યું અયોગ. કોપ૦
ધિક ધિક ત્રિયા જાતને, ધિક છે મુજને વિશેષ;
વચન મેં તો ન વિચાર્યું, ધિક ધોળા કેશ. કોપ૦
મારાં રે કર્યાં મુને વાગીઆં, દોષ કોને હું દઉં;
દશા મારી થઇ પાતળી, દિવસ કેમ કરી લઉં, કોપ૦
દુઃખનું મૂળ સ્નેહ છે, રસનું મૂળ છે વ્યાધિ;
આજ સુધી શંકા હતી, ખરેખર જગત ઉપાધિ. કોપ૦
પુત્ર મારાની ઉમર નાની, પણ ગુણનો ભંડાર;
બાલપણે વિદેશે જશે, એનું પણ નિરધાર. કોપ૦
ગુણ નથી ગયો જગ વિષે, ખબર નથી મુજ નાર;
ગુણના ગ્રાહી તો થોડા રહ્યા, આ વિશ્વમોઝાર. કોપ૦
વચન ગયું જે મનુષ્યનું, તેનું જીવિત ધિક્કાર;
એ મુજને લાગુ થયું, મનમાં અતિ છે વિચાર. કોપ૦

અનુચર— (રાજાને શાન્ત કરે છે)

રાગ ઉપરનો.

ભાવી પદાર્થ ભૂલે નહિં, માનો સત્ય નરેશ;
કૈકૈ મૈયાના પાપથી, રામને વન વિશેષ. ભાવી૦
પાંચ પાંડવ ને દ્રોપદી, તેનો વનમાં અવાસ;
અન્ય અલ્પ બીજા શું કરે, ભાવીના છે ગ્રાસ ભાવી૦

વિક્રમ ને ધ્રુજીની જુવો, નાની વયની નીત;
માતુ બાતનાં વેણથી, રાખી ક્ષત્રીની રીત. ભાવી૦
જગદેવ કાલે આવશે, રાખો મનમાં ધીર;
વિઘ્ન એને કોઈ નહિં નડે, પોતે છે શૂરવીર. ભાવી૦

प्रवेश सातमो.

સોલંકીણી—(જગદેવની મા જગદેવને આવવા વિલંબ થવાથી વિ-ચાર કરે છે)

લાવણી.

પ્રાણુ પુત્ર હજુ કેમ ન આવ્યો, વાર આવડી કેમ થઇ;
સપત્ની મારીએ વેરજ લેવા, અટકાવ્યો રાજાને કહી.
ઠરે મુજ અંતરમાં જ્યારે, પુત્રને નજરે દેખું ખરે;
ગાન શુકુન મુને થાય અતીશે, તેથી મારૂં મન જરે.

સોલંકીણી— (જગદેવને)

લાવણી.

ઉદાસી ઉદાસો ઉદાસી કુંવર કેમરે દીસોછો ઉદાસી;
શું કારણથી રાએ બોલાવ્યો, શું થઇ ત્યાં કહો હાંસી.
રાય નિવાજ્યા તે બતલાવો, શું થઇ ત્યાં કહો હુલાસી;
વાર થઈ કેમ આજે ઝાઝી. તેડે મોકલતીતી હું દાસી. કુંવર૦

જગદેવ—(માતુશ્રી પાસે દેશારટણ માટે અરજ કરે છે.)

લાવણી.

હું નહિં મુકું (૨) માતાજી ક્ષત્રી ધર્મ.
પિતાનું વચન જાય તો મેં કર્યું કહેવાય કુકર્મ.

માન મારૂં ન રહે (૨) માટે વિચારોને મુજ માત;
ધર્મ ક્ષત્રીનો રાખતાં, તમે કરશો માં ઉત્પાત.
દેશ વિદેશમાં (૨) જાવે સુને શી આક્યાનું;
સહુ જીવ જંતુને જાણવે, ઇશ અશરણોશરણું.
આપ પ્રિત ધરી (૨) ચાહો મુજ કલ્યાણ;
કરગરી માતા માગુ છું, વન જાા કેરી વાણુ.

સોલંકીણી—(જગદેવને)

રાગ રામગ્રી.

પુત્ર પ્યારા આશું વદો, વચન લાગે છે બાણ;
કર્મ ક્યાંથી આવી મળ્યાં, આવા મુજને હાણ. પુત્ર૦
ગામ ગોંદર નથી ભાગીયાં, નથી છોડાવ્યાં બાળ;
કોઈનું બુરૂં નથી મેં કર્યું, કોઈનો કર્યો નથી કાળ. પુત્ર૦
વિયોગ કર્યો નથી દંપત્તિનો, નથી ત્રોડી સરપાળ;
નથી દુભાવ્યા કોઈ સંતને, આશો કોપ ગોપાળ. પુત્ર૦
ઈશ્વર વ્યાપિ તું સર્વમાં, કરને મ્હારી સહાય;
રંક જાતી અબળા હું છું, તેની વારે તું ધાય. પુત્ર૦
દ્રુપદિનાં ચીર પૂરીયાં, કર્યો અહલ્યા ઉદ્ધાર;
સિતા કારણે દુઃખ વેઠીઆં, ઉત્તરા ગર્ભે આધાર. પુત્ર૦

સોલંકીણી—આશો કોપ કીધો કિરતાર એ રાહ.
દાહ ઉઠી છે દુઃખની દિલમાં, શીરીતે ઠંડી થશે.
પુત્રે પણ કર્યું નિરધાર તેજ હશે
જાશેતો દશા નઠારીરે મ્હારી, તોતો જીંદગી આ મારી થાશેઅકારી.
સુખનાદહાડા ગયાનેઆવ્યાદુઃખનાદીનઈશતારીગતીથીમતીમારીઆધિન.

દીધું સુખ પાછું નહોતું લેવું કિરતાર, ફાટેછે હૃદયમારૂં દુઃખરે અપાર.
દિનકર વિના દાન મળે ખરે, તેમ પુત્ર વિના માતુ કોણુ ઉચરે.
વિધાતે પ્રરાવ્યું દુઃખ નથી તેનો પાર પુત્ર તુજવીણુ કોણુ કરશેરેઉધ્ધાર.
રાણી—(જગદેવના વિયોગથી) અળતો મનવા મેરા એ રાહ.

ધીર વીર પુત્ર જાતાં, ગઇછે મારી ધીર. ધીર૦
પ્રાણુજ પાપી ઘટમાં વ્યાપિ, હજુ પાવે શું પીર;
પુત્રજ પ્યારા જીવન મારા, કેમ કરી તેં અધીર. ધીર૦
સુખજ તારૂં શું સંભાળુ, મારૂં મન નથી સ્થિર;
સુખનો સાગર તું ગુણ નાગર, પુત્રની ઘણીછે પીર ધીર૦
હું ગોઝારી સુખ પરવારી, હિંમત નહિં લગીર;
દુઃખમય દીસે આ જગ વિષે, ઈશે કરી ફકીર. ધીર૦
દૈવજ મારા થયાછે ન્યારા, દુઃખનાં વાગ્યાંછે તીર;
છાતી ફાટી જાતી નથી કેમ, ધિક ધિક મુજ શરીર. ધીર૦

જોશી—(જગદેવનાં પરાક્રમ વિષે)

શાર્દૂલ.

દાનેથી જેમ કર્ણ કીર્ત્તિ જગમાં, અર્જુનની બાણુથી;
સત્યેતો બીજો ધર્મ સુત સમજો, સ્નેહે જેવો ભુપથી.
ભક્તિમાં અંબરીશતુલ્ય સમજો, વચને જેવા રામરે;
તાકાતે જેમ ભીમ તેમ હમણાં, જગદેવ જાણો ખરે.

દાસી—(રાણીને) **રાસડો.**

જોશી મુખથી શાણી આવાર, કહેછે આ દાસીરે;
તમે સાંભળો શાણી બાઇ, છોડી ઉદાસીરે.
સહન શક્તિમાં જેવો પંથ, બળે ભીમ કેશરીરે;

અર્જુનના જેવાં બાણુ, તેજે આરસીરે.
પ્રજા પાળક જેવા શ્રી રામ, ભક્તી અંબરીશનીરે;
જેમ ધર્મમાં બીજો ધર્મ, સુખ બહુ દેશેરે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

આશારામ—(બ્રાહ્મણ વિરમતીને તેડવા ગયેલ તેડી આવ્યા બાદ વિરમતીના) બાપ રાજા રાજ પાસે વૃત્તાંત કહે છે.

ગઝલ.

રાજા રાજ શ્રવણ કરો કહુંછું આ વારી કહુંછું આવારી,
રાજા કહુંછું આવારી રાજા રાજ.
વિરમતી મારી સાથ આવીછે કુમારી બાગ બંગલા જોવાને,
ગયાછે દુલારી. રાજા રાજ.
સંગ દાસી નહિં ઉદાસી આવશે આ વારી,
માન પાન આપવાને કરો સૌ તૈયારી. રાજા રાજ.
પ્રથમથી ખબર આપવા આવ્યો વિચારી,
પુત્રીની નિપુણતા સર્વથી છે ન્યારી. રાજા રાજ.

દાસીયો—(વિરમતીની સામને ગાતી ગાતી જાય છે)

ગરબી.

ચાલો સખી જઈયે વાડીમાંય મળશે રાજ કુંવરીરે લોલ.
આવ્યાંછે સાસરીઆંથી આજ, કાડીલી તે ખરીરે લોલ.
હિમકળા દાસી છે સંગ, મળીને દુઃખ વાગશુંરે લોલ,

કરશે સ્વાગત રૂડી પેર, નથી કંઇ આળશુરે લોલ.
ધન્ય ધન્ય ઘડી નીઆજ, વિયોગને ટાળશેરે લોલ.
મળીને અન્યો અન્ય આ વાર, ઉદાસી ટાળશેરે લોલ.

प्रवेश २ जो.

જગદેવ—(ઇશ્વર સ્તુતી કરે છે)

નાથ કૈસે ગજકો બંધ છોડાયો એ રાગ.

આશરો એક છે તારો, પ્રભુ મુને આશરો એકછે તારો; ટેક.
માત પિતાનું વચન પ્રમાણી, વનમાં નિકળ્યો આ બાળો.
વચન ઉલંઘી સુખ માટે તે, પુત્ર શાને ધોઝારો. પ્રભુ૦
સપત્ન માએ સારૂં કર્યું જે, મુજને કર્યો ન પ્યારો;
પ્યાર દાખવી રાખત ઘરમાં, ભજવાનો નાવત વારો. પ્રભુ૦
જ્યાં જ્યાં જાઉં ત્યાં ત્યાં તું મારી, સહાય કરજે જાણી તારો;
વિપદ વખતમાં આવી અચાનક, કષ્ટથી મુજને ઉગારો. પ્રભુ૦

જગદેવ—(કુળદેવીની સ્તુતી કરે છે.)

રાગ આશા.

સહાય સહાય સદા કર તું માતા, બાલ જાણી નિજ સુખની દાતા.સ.
જડ ચઇતનમાં આપ બિરાજે, દુષ્ટદમન કરી રાખી તેં ખ્યાતા સ.
વિનતી અમારી ઉરમાં ઉતારી, સફળ કરો સર્વ મમ વાતા. સ.
જનુની માત તાત તુંછો હમારી, વિકટ વખતમાં થાજોરે વાતા. સ.

પ્રવેશ ૨ જો.

વિરમતી—(સખીને)

આશા ગોડી.

બંધન પ્રેમનું ભારી, પ્રિય એની બંધન પ્રેમનું ભારી. ટેક.
અવર બંધનને માટે ઓજારો, ઘરો રચ્યાછે હજારી. પ્રિય૦
મધુકર દાંતે કાષ્ટ કાપે પણ, કુંજ કાપે મતી હારી. પ્રિય૦
પ્રેમ પુરણથી કમળમાં પેઠા, અંત મુવો નિરાધારી. પ્રિય૦
પ્રિતમજીમાં પ્રિતી દેખીને, તન મનથી જાઉં વારી. પ્રિય૦
હું પણ નિશદીન ચિતવું પિયાને, વખતો વખત વિચારી. પ્રિય૦

દાસી—(વિરમતીને)

બનજારો.

બાઈ ભક્તિ સાચી તમારી, છો પતીવ્રતા તમે નારી.
કદી પતિ સેવા નથી ચુક્યાં તમે આળ પંપાળ સૌ મુક્યાં;
ધન્ય ધન્ય રાજ કુમારી, છો પતી વ્રતા તમે નારી.
નિતી નેક ટેક છે તમમાં, મિથ્યા તોફાન નથી આપ મનમાં;
ધન્ય ધન્ય રાજ કુમારી, છો પતીવ્રતા તમે નારી.
તમે મુક્યો નથી કંઈ ધર્મ, નથી રાખતાં એવી ગર્મ;
ધન્ય ધન્ય રાજ કુમારી, છો પતીવ્રતા તમે નારી.
જે પતિવ્રતને પાળે, તેનો ઉભય કુળને તારે;
એમ વેદ કહેછે ઉચારી, છો પતીવ્રતા તમે નારી.

વિરમતી—(પોતાનાં માબાપ પ્રત્યે)

રાગ હીંડી.

છો સહુ ખુશી કહોને માતુ મારી, હું ખબર પુછું તમને આ વારી.

મળતાં આપને આનંદ થયો ભારી. છોસહુ૦
પિતા ખબર લીધી પુત્રીની આપે, છે મુજપર પ્રેમને કોમાપે.
બાપ વિણ કોણ પુત્રીને થાપે. છોસહુ૦
સહુ સખી સમાજ નજરે નિહાળી, જોઇ પરસ્પર પ્રિત પ્રેમઅપારી.
ગદ ગદ કંઠ ને હર્ષનાં વારી. છોસહુ૦

ફુલમતી—(વિરમતીના વિરપતી પ્રત્યે)

રાગ દીંડો.

કુળ દીપક પુત્રીછો તું અમારી, ગતિ ગહન વળી ગુણની આગારી;
નેક ટેક નીતિ પ્રીતી તારી ન્યારી કુળ૦
આજ આનંદ ઓઘ ઉલટયો આ કામે, મળીઆપને ખુશી થયાછેરાગે.
બિરદ રાજ ઉપર પ્રેમ ઉછળી જાયે. કુળ૦

પ્રવેશ ૪ થો.

વિરમતી—(સખીને)

દક્ષીણી રાગની લાવણી.

સખી કેમ હશે, તેડે કોઈ નાવ્યુંરે.
પડેછે ફાળ થાઉં બેહાલ વ્યાપે જવાળ કરતું ખ્યાલ.
પ્યારથી પીડાઉંરે. સખી૦
પતી સેવા મુને કરવા હોંસ ઝાઝીરે.
થા તૈયાર જઇ આવાર પતિમાં પ્યાર માનું આભાર.
કહેતાં હું લજાઉંરે. સખી૦
કાન્તા હું સદા પતી વચન પાળુંરે.
રાખી ટેવ કરૂં હું સેવ માની દેવ અવશ્ય મેવ.

સફળ ત્યારે જીવવુંરે. સખી૦

સખી—(વિરમતી પ્રત્યે)

રાગ સદર.

ધીરજ રાખીને તજો તમે ઉદાસીરે;
છો વિવેકી તજો ન ટેકી રાખો નેકી ધિર હયેકી.
કામ નિત્ય આવેરે. ધીરજ૦
સતિ તમે સદા મનથી વિચારોરે;
માની આજ કરો સુકાજ શિરના તાજ મનના રાજ.
આપને વિચારીરે. ધીરજ૦

જગદેવ—(વનમાં નિકળેલોછે અને થાકથી કંટાળી ખેદ કરે છે.)

બરવાનું તાન.

પંથાશ્રમ મુને વિકટ થયો છે, કેમ સહે આ કાયરે.
કેમ સહે આ કાયરે, ભલા કેમ સહે આ કાયરે. ટેક.
રસ્તે પડતાં કાયા ધ્રુજે, કેગ કરી દીન મુજ જાગરે.
અવનીપર આકુળ અતીશે, વેરણ થઇ મુજ માયરે. પંથાશ્રમ૦
કંકર કાંટા ખુંચે આ પગમાં, આખથી નવ ચલાયરે.
સર્વેશ્વર સમદષ્ટ ઇશ તું, કરજે મહારી સહાયરે. પંથાશ્રમ૦
આ અવસર મુને યાદ આવે છે, જનક સગી મુજ માયરે.
સપત્ની માએ વેર લીધું તે, કેમ આ મુખથી કહેવાયરે. પંથાશ્રમ૦

વિરમતી—(સખી પ્રત્યે)

કલ્યાણ.

સખી મારી શું કરેછે આ વાત, પતિ મારો અહીં ક્યાંથી આવેરે. ટેક.
સ્વપ્ન ખરેખરી ભાસેછે મુજને, કરવા અધીર હાંસી કહાવેરે. સખી૦

અનેકછબી ઈશે કરી અવનીપર, રાજકુંવર તુલ્ય કોઇનવઆવેરે. સખી•
એકાએક કદી તેરેઆવે નહીં, મ નું નહિં ગાય તેમ સમજાવેરે. સખી•
અજબ વચન તારૂ ભાસે આવારી, વિનાકારણ શાનેતું અકળાવેરે. સખી•
સખી—(વિરમતીને)

ઢીંઢો

છેસત્ય વાત કુંવરી કહે આ દાસી, નથી મિથ્યા વેણ પિયુદર્શપ્યારાી;
મળી નાથને તજ્જે તમે ઉદાસી. છે•
ઉમગ ધરો અંગ વિનવુંછું આ વારી, લીએદર્પ તે કરેન ખ્વારી;
અર્પુ તનમન આપને બાગારી. છે•
વિરમતી—(જગદેવ બગીચામાં શાકથી સુતેલોછે તેને જગાડે છે)

ભૈ વી.

પ્રાણનાથ છો મુને પ્યારા, જાગોને પિયુ ગારા. ટેક.
સુંદર છબી જોવાને ઉભી, આપ કને આ દારા. જાગોને•
નથી રહેતી ધીર પીર તનમાં, ચક્ષ વડે જળ ધારા. જાગોને•
કોઇ નથી સંધાતે સ્વામી, દર્શન દ્યોને પ્યારા. જાગોને•
પ્રાણનાથ નિંદ્રાને ત્યાગી, વાત કરો મુખ ગારા. જાગોને•
જગદેવ—(નિદ્રાથી ઉઠી વિરમતી પ્રત્યે.)

ગીતી.

શશીવદની હું તુજને, મળવા આવ્યો હોંસ મન ધારિ.
હળી મળી હું હમણે, નિજ પુર પ્રત્યે જવા ઇચ્છું પ્યારી.

સિહાનો કનહરો.

વસન આભૂષણ અંગથી ઉતારી, વન નિકાળ્યો નિશ્ચે હોમારી. ટેક
માતુવાઘેલીએ મુજને કહાડયો, વનવિષે કહી પિતાનેરે પ્યારી. વસન•
ઈર્ષ્યા અતિશે મુજપર રાખે, વખતો વખત વદે વાત હજારી. વસન•

બક્ષીસ કરેલ તે પાછું લઇને ધાર્યું કર્યુંછે પોતાનુ આચારી. વસન૦

વિરમતી—(જગદેવને)

આશા જોગીયો.

તમમાં છે સ્વામી મારી પ્રીત, જેમ ચંદ્ર ચકોરની રીત.
વિચી જળથી જુદાં નહિં થાય, સૂર્ય કીર્ણનો જેવો ન્યાય.
સૂવર્ણ કાન્તી એક સ્વરૂપ, કાયા પ્રતિ બીંબ જેમ અનુપ.

જગદેવ—(વિરમતીને)

શિખરીણી.

અરે પ્રેમી તારૂં વિકટ વનમાં કામજ નથી
કદાપિ લૌં સંગે, હરણ તવ થાતાં મરૂં મથી;
નિયંતા મુરારિ, જનક તનયા લઇ વન ગયા;
પછીથી વિમાસ્યા, મનુષ્ય જગથી વિહીન રહ્યા.

વિરમતી—(જગદેવને)

લલીત.

અરર નાથ આ શું તમો કહો, વચન બાણથી શીદને દહો,
તમ વિના હવે શી ગતિ થાશે, પતિ વિના મુને કોણ પાળશે,
જગતમાં તમે આણ ફેરવી, ભૂજ બળે ઘણી કિર્તી મેળવી,
ધિરજતા દીઓ નારી જાતને, સંગ લઈ જવા રાખો વાતને;
વચન કાનને જાવા મેં કહ્યાં, તદપિ ભાવિશું ઉરનાં ધર્યાં.

प्रवेश ५ मो

જગદેવ—(રાજારાજને)

श्लोक.

देशाटनं पंडितामित्रताच, वारांगना राज सभा प्रवेशः ॥
अनेक शास्त्राणि विलोकितानि, चातूर्यमूलानि भवंतिपंचः

प्रवेश ६ ठो.

ફુલમતી—(પોતાની દીકરી વિરમતીને)

ગઝલ.

સાંભળ શાણી પુત્રી મારી કહુંછું આણીવાર.
પતીને પ્રાણાધાર જાણી કરજે સેવા સાર.
ચંદ્રથી ચકોર પ્રિતી રાખે રૂડી રીત.
તેવી પ્રિત સ્વામી સાથે રાખજે ખચીત.

દાસી—(વિરમતીને)

ખમાચ.

લીજે સંગ બાઇ આજ, કરવા આપનુરે કાજ;
જ્યાં બેસા ત્યાં સમાજ. શુણુરેસજની.
થશો નહીંરે નારાજ, મન ધીર ધરો. લીજે.
છે આપનો આભાર, કરો પ્રિતીનો વધાર;
છો કુંવરી ઉદાર. શુણુરેસજની.
માનો વિનતી આ વાર, મન ધીર ધરો. લીજે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

જામોતી—(ગુંગીકા લાલગાં પાસે ગાય છે)

ભૈરવ

પ્રિયા અબ હોને લગો પરભાત. ટેક

બોલત કીરી કીર કોકિલા. કુસુમ કમલ બિગ્ન ગાત. પ્રિયા૦

અરૂન કીરન પુરવ પ્રકાશ ભયે. ભયો ભોર નિશી જાત. પ્રિયા૦

સાસુ નનદ સુની દેગી ગારી, ઓર સુને મેરો પિતા માત. પ્રિયા૦

કલ્યાન કે પ્રભુ કર બચન દલીં કરી. આઉગી આવનકી રાત. પ્રિ૦

પ્રવેશ ૪ થો.

વિરમતી—(એકેલી)

દક્ષીણી રાગની લાવણી.

ચેન નાં પડે, પિય હજુએ નાવ્યારે.

થઇ અવાર, કોણ આધાર, સર મોઝ.ર. આવો ભર્થાર,

લીજીએ સંભાળીરે. ચેન૦

થાઉં અતી અધોર, કયાં પિયુ ફસાયારે.

સુજે ન કાજ, આવો માહારાજ, સરનીપાજ, થાય અવાજ.

અતીશે બીતિ પામુંરે. ચેન૦

પ્રવેશ ૯ મો.

જગદેવ—(અણુહિલપુરનું વર્ણન કરે છે)

લાવણી

અનુપમ શહેર આ રમ્ય અતિશે, શોભા બની છે બહુ સારી;
રમ્ય હરમ્ય વળી ગોખ જાળીયાં, બારીની ન્યારી બહારી;
મેનાં પોપટ ઘર ઘર બોલે, શબ્દ સુણીને મન રાચે;
દંપતી સરવે સરલતા રાખી, દેવ મંદીરે જન નાચે;
રાજ માર્ગે જળ છાંટયાં છે, સ્થળે સ્થળે દુર્વા રોપી;
પત્ર મોતીથી તોરણ બાંધ્યાં, તેથી પુર રહ્યું ઓપી;
બાગ બગીચે પુષ્પજ ખીલ્યાં, અનુપમ સુગંધ છુટે બહાગે;
સિદ્ધરાજ માહારાજના રાજમાં, રહ્યો ન જીંદગી તે હાર્યો.

પ્રવેશ ૬ ઠો.

લાલખાં—(વિરમતીનું વર્ણન કરે છે)

પીલુ

કુંદન રેખાઓ દાંતે જડી છે, તે ચપળા મુજ ચિત્ત ગડી છે કું૦
જેની વાણીમાં મધુરતા શોભે, રૂપ ગુણાગાર તેને ઘડી છે. કું૦
હાસ્ય વિનોદ ને કટાક્ષરે જોતાં, ઉપમા સરવે ફીકી પડી છે. કું૦
ભાગ્યોદય ખુદા ખોલોને મહારૂં, મુજ મન ઇચ્છીત પ્રેમી મળી છે. કું૦

વિરમતી—(લાલખાંને)

ક્ષત્રી કલંક એ રાહ

લુબ્ધ છોડી દે તું મારી આશ, મરણ તુજ આવી પાંહોંચ્યું રે.

જોતાં જોતાં થાસે તારી લાસ. મરણ૦
સીતા સ્પૃહાથી મરણ પામ્યો લંકેશ. મરણ૦
અંગ અખંડ થયાં ચંદ્ર ને સુરેશ, મરણ૦
સતી દ્રૌપદાની કરતાં હાસ્ય. મરણ૦
મારી ભીમસેને કર્યો કીચક નાસ મરણ૦
પર દારામરશણ કરવા તુંને મન મરણ૦
ક્ષણ એકમાં કરૂં તુજ પતન મરણ૦
હાય હાય મુને ભોળવવા આ વાર, કુલટાએ આજ કેવું કર્યુંરે;
સરદાદુર સમુદ્રનો લે છે પાર, મરણ૦

પ્રવેશ ૭ મો.

જગદેવ— વિરમતીને ન દેખવાથી)

ગીતી

શશી વદનિ તું કયાં છે, અધિર થાઉં તુંનેરે નહિં દેખી;
તું આવી ખબરજ લે, સૂખી થાઊં હું તુજ મુખ પેખી.

શાર્દૂલ

તારાં નેત્ર સમાન કાન્તિમય જે તે પદ્મ ડુબ્યું જળે,
ઢંકાયો શશી તુજ મુખ સરીખો વર્ષાદથી વાદળે;
જે ચાલે તુજ ચાલ હાલ પ્રિય સૌ તે રાજ હંસો ગયા;
તુ સાદ્દશ્ય વિનોદ માત્ર પણ તે દૈવે ન વેઠાય આ.

શાર્દૂલ

તારૂણી તુજવિણુ આજ મૂજને શાન્તિ જરા ના મળે.
સાલે છે તુજ વેણુ પ્રેમ મનમાં, શુળી થઇ વેર લે;

પાંખેથી સ્ત્રિય આજ સુખ સઘળું લુટાઇ મારૂં રે ગયું;
દુઃખી ને વળી દુઃખ ઓઘ ભિલટયા સુખ સ્યામ મારૂં થયું;

અશ્વપાળ—(જગદેવને)

બનજારો.

મેં કરી છે તમથી યારી, થયા મિત્ર તમે સુખકારી.
જે મિત્ર દુઃખે નહીં દુઃખી, તે તો કુજાત શઠનો સુખી.
સુખ જોતાં પાતક ભારી, થયા મિત્ર તમે સુખકારી.
તાણો મિત્ર ઘણા જગ મળશે, લાતે તાને ઠકુરી ધરશે.
ગુહ્ય ગોષ્ટી કરે હોંશ ધારી, થયા મિત્ર તમે સુખકારી;
સાચો શાણો મિત્ર જગ એ છે, સુખે દુઃખ થવા વેણ કહે છે;
પાંસે ઉદાર તાબેદારી, થયા મિત્ર તમે સુખકારી;
પ્રિતી પવાડ સિદ્ધ લાડાની, પ્રિતી રામ કપી રાજાની.
કિર્તી પામી છે જગમાં સારી, થયા મિત્ર તમે સુખકારી.
અંતર આપણમાં નહીં ગણુંવો, વિરમતી હરનારને હણુંવો.
એ છે સત્ય પ્રતીજ્ઞા મારી, થયા મિત્ર તમે સુખકારી.
સિદ્ધરાજથી કરાવું ભેટ, હણી મળી કરીશું છેવટ.
અંતે માથું દેવાની તૈયારી, થયા મિત્ર તમે સુખકારી.

प्रवेश ८ मो.

જગદેવ—(સિદ્ધરાજ પાસે પોતાની તમામ હકીકત રોશન કરે છે)

સિંહાનો કન્હરો.

શ્રવણ ધરોને વિનતી આ મારી, વિદેશ વાસી થયો છું આવારી. ટેક.

મા છે વાઘેલી ઓરમાન મુજને, એણે પ્રપંચથી દ્વેષ વધારી. શ્ર૦
પિતાએ કરેલ જે બક્ષીસ મુજને વસ્ત્ર આભુષણ અસીને કટારી. શ્ર૦
દ્રષ્ટે પડતાં દ્વેષજ બાંધ્યો, કર્યો વિદેશી અંગથી ઉતારી. શ્ર૦
હઠ કરી સંગે આવીતી નારી, પટન પાધરમાં ગુમાવી ગે પ્યારી. શ્ર૦
દિલ દુઃખી એથી મારૂં અતીશે, આપ જનકછો કહુંછુ વિચારી. શ્ર૦

प्रवेश ९ मो.

મહુમદખાં—(પોતાનો દીકરો લાલખા મરીગયેલો જોતાંઈ વિલાપ કરેછે)

અચાનક આશો કોપ કીધોરે કિરતાર. એ રાગ.

પુત્ર મારા આ શું તુંને થયું આણીવાર.
લાસ તારી નજરે જોતાં થરથરે છે કાય.
શિખામણ તન દીધી મેં તુંને ઘણી,
ખરાબ સોબતથી કર્યો મુને રણી;
ઉત્પન્ન કોણ થયો શત્રુ મારો આજ,
મારી તુંને વેરજ લીધું કર્યું બુરૂં કાજ;
પુત્ર વિના પિતાનું વૃથારે જીવન,
દિપક વિનાનુ જેવું શુન્યરે ભુવન;
જીર્ણાવસ્થામાં મુને કર્યો તેં બેહાલ,
ધિક ધિક જીવિત મારૂં થયું આણીવાર;

વિરમતી—સિદ્ધરાજને પોતાની સર્વ હકીકત જાહેર કરે છે)

લાવણી.

મુને મુકીને મારો શામ ધામ માટે જાવે,
હું રહી અકેલી નાર પાળ તળાવે;

ત્યાં આવી કુલટા દાસી ખાસી ખવાસી,
છળ કુડ કપટનું મૂળ શુળ હુલ્લાસી;
નહિં અર્પ્યું મેં તો મન તન અભાવે. હું૦રહી૦
તે વખત કર્યું અપમાન જ્ઞાનથી કહુંછું,
હું આવી મળવા કાજ રાજમાં રહુંછું;
માટે કહો આપછો કોણ સમજમાં આવે. હું૦રહી૦
મેં જાણ્યું તે કોઈ શુદ્ધ બુદ્ધ કે શાણી,
મુજ ઉપર ગુજર્યા તણી કહી મેં કાણી;
શું કહું પિતા આ વાર બળી વણદાવે. હું૦રહી૦

વિરમતી—(સિદ્ધરાજને)

સિંહાનોકન્હરો.

શ્રવન કરોને વિનતી આ મારી, અસહ્ય દુઃખોથી મુજને દુભાવી. ટેક.
પ્રપંચથી પઈબા બનીને આવી, દગોદઈ એણે મૂજને રીબાવી. શ્ર૦
દાસી અને રથ સાથે લાવી, મસ્ત બનીને સરે જે આવી. શ્ર૦
કોથી મુજને એણેરે બેહાલી, વચન પાસથી મુજને ફસાવી શ્ર૦
રાજની વાતો કરીછે હજારી, વખતોવખત જુઠી ખબર મંગાવી. શ્ર૦

ઇંગ્રેજી રાગ.

કદીક પ્રાણ જાય તો પણ, કલંક કેમ શિર લઉં. ટેક.
કદી હું આવું જાળમાં, તો ક્ષત્રી પુત્રી શીદ થઉં. કદીક૦
કરી વિચાર કુલટાએ, ચડાવી અવાસમાં;
તદપિ ધીર રાખી મન, માર્યો યાર હાલમાં. કદીક૦
કર્યુંછે કામ ક્રુર અતી, સિદ્ધરાજ રાજ્યમાં;
સતી શીયલ ભાંગવા, નાખી મુને જાળમાં. કદીક૦

અરર હાય હાય બની, ફોઇબા તે ક્યાં મુઈ;
કરૂં હું ચુર અંગે શર, અસી આ મુજ કર લઇ. કદીક૦
પરશુરામ થઇ કરીને, ક્ષત્રી બિરદ કાઢીયું;
નિકટ કેમ બેસી રહું, નેત્રેથી નિહાળીયું. કદીક૦
પતિ મારાને મળું હું જ્યારે, ત્યારે વાત છે ખરે;
વ્યર્થ વાદ કોઉ સંગ, કલોબ દેખી અંગ જરે. કદીક૦

જગદેવ—(વિરમતીનો સાદ ઓળખવાથી)

શાર્દૂલ.

આવી સુંદર દેહ છોડી ગઇ ક્યાં, રે પ્રૌઢતા ધારીણી;
રે! સૌ જન્ય પ્રવાહિની સુરવદની, રે રે મૃદુ ભાષિણી.
રે! ક્રીડા રશ પાત્ર મીન નયની, કોકિલ ગજ ગામિની;
રે! કંકાશ વિદારીણી ધટરતની, ચંદ્રા મુખી કામિની.

प्रवेश १० मो.

જગદેવ—(વિરમતીને)

ગીતી.

વખત સદા અતી રંગી, છોય વખતની પળ પળ ફરવાની;
વખત કરેછે હાની, વખત કરેછે સુખદ સમાધાની.
પ્રેમી તુજથી મૂજને, રાજ તરફથી માન મળ્યું સારૂં;
વળી વિશેષે મિત્ર, અશ્વપાલજી કરે છે મન ધાર્યું.

વિરમતી—(જગદેવને)

ગીતી.

પતી નામની રટના, કરતી સ્વામી સદાય આ દાસી;

પ્રેમી થઈને પ્રસાદિ, આપ મળ્યા પછી ગઇ છે ઉદાસી.

જગદેવ—(વિરમતીને)

હરીગીત.

તુજ કારણે કાનન વિષે ધરી શોક હું રખડી રહ્યો,
તે સમય મુજને જે મળ્યું તે સર્વને પુછી વળ્યો;
મેં મોર કોકિલ હંસને વળી ચક્રવાકજ વિનવ્યો,
તેમજ ભ્રમર ગજ ગિરી અને નદી હરિણ આગળ જઇ લવ્યો.

વિરમતી—(જગદેવને)

રાગ કલ્યાન (ઇંગ્રેજી)

પ્યારા ધારાપતી. અલ્પ મુજ મતી;
ન દેખું જ્યારે આપને, ઉદાસી મન અતી. ટેક
પાંખે તમને સ્વામી મુજને, એક ક્ષણ જ્યે થાય;
શત કલ્પ મારા ગયા, એમ માની મન અકળાય. પ્યારા૦
ચક્ષુમાં અંજન નવ આંજું, વાળની ગુંથું ન વેણ;
સાડી ચોળી અંગે ધરવાં, રૂચે નહિં કોઇ વેણ. પ્યારા૦
કંઠે તુલશી બાંધું તાગે, ફાંસીવત પરીતાપ;
ઝાંઝર પગમાં પહેરૂં ત્યારે, બેડી આપો આપ. પ્યારા૦
કડાં સાંકળાં હાથે પહેરૂં, હાથ કડી એ થાય;
કાન તણાં આભુષણ સર્વે, ભાર રૂપ કહેવાય. પ્યારા૦
આભુષણ વાગાનાં શોભે, જ્યારે નિરખે શ્યામ;
પતી વિના દાગીના ધારે, વેશ્યા સ્ત્રિમાં વામ. પ્યારા૦
સ્વહસ્તે સેવા નિત્યે કરવી, પતીની સ્ત્રીનો ધર્મ;
સત્ય વાક્ વળી દિલ ખુલાથી, ભાંખે નહિં કોઇ મર્મ. પ્યારા૦

પ્રવેશ ૧૧ મો.

જગદેવ—(સિદ્ધરાજને) **કેન્હરો**

માહારાજ રાજ કરી મહેરબાની, દરખ આપોછો પોતાનોરે માની. મા૦
સમર માંહે હું શત્રુ વિદારી, ઈષ્ટ ખરી છે માતુ ભવાની. માહા૦
સ્વાર્થક મારૂં માનીશ ત્યારે, વિજયી થયે હું નથીરે ગુમાની. મા૦

પ્રવેશ ૧૨ મો.

દેવી પેહેલી—(રૂવેછે)

સીતાજીના મહીનાનો રાગ.

મારે કરવું હવે શું કામ, દિલમાં દવ લાગીઓ;
અંતર મારૂં અતી અકળાય, મરવે સિદ્ધરાજીયો;
એ છે બત્રીસ લક્ષણો બાળ, રૂપે ગુણવાન છે;
તેતો ધર્મ ધુરંધર ધીર, વિદ્યાનો નિધાન છે;
એણે યજ્ઞ કરાવી અપાર, સંતોષાવી મુજને;
એની રક્ષા કરો દીનાનાથ, સંભળાવું છું તુજને.

પ્રવેશ ૧૩ મો.

જગદેવ (દેવીને) **ગીતી.**

હાસ્ય વદની શા માટે, હાસ્ય કરો છો અતિશે આ વારે;
કારણ તેનું મુજને, સમજ પડે જો આપ વદો ત્યારે.

બીજીદેવી—(જગદેવને) **ગઝલ**

દિલ્હી શહેરથી હું આવી છું આ વારી;
સિદ્ધરાજનું મૃત્યુ થાસે એ હોંશ મારી;
અવની વિષે રાજ હવે યવનનું થાશે,

હિંદુ ધર્મ કાળથી સમુળ લોપ થાશે.

જગદેવ—(દેવીને) **ગીતી**

સિદ્ધરાજ રાજાનું, અવસાન થાશે કઈ વખતમાંરે;
ઘટિત કહેવું મુજને, વત્સાત ગૌરી આવ્યો વનમાંરે.

પ્રવેશ ૧૫ મો.

જગદેવ—(દેવીની સ્તુતી કરેછે)

ભુજંગીછંદ

નમો નામ નારાયણીનું વખાણું,
બહુ રૂપ તારાં કદા હું ન જાણું;
નમો આદ્ય શક્તી સદા શુભ માતા,
નમો શૈલ્ય સુતા સદા સુખ દાતા.
મહા રૂપ મોટું ધર્યું માત કાળી,
રહ્યાં આપ પાવે દીસો છો દયાળી;
કરે કામ કોટિ સહુ શર્ણ જાતા,
નમો શૈલ્ય સુતા સદા સુખદાતા.

પ્રવેશ ૧૬ મો.

સિદ્ધરાજ—પોતાના સામન્તોને ધિક્કાર આપે છે.

કલીકલંકનો રાગ

તમે કાયર મિથ્યાભિમાનીજ, શું દાખવો છો મુખ મુનેરે.
પાયમાલ કરત તમે આ તન, શું૦
મુને સમજાવો રચીને પરપંચ, શું૦
દ્રષ્ટે જોયા નહિ તમ જેવા વંચ, શું૦

થયા નિદ્રા વશ નિજ બુધ્ધન, શું૦
ધિક ધિક છે નાહાની તન, શું૦
જગદેવનો કર્યો તમે દ્વેષ, શું૦
જગદેવ જેવું ન બને લેશ, શું૦
ધિક ધિક છે તમારી જાત, શું૦
ધરી જન્મ તમે લજાવી માત, શું૦
જોતું ધરે ન તમારૂં મુખ, શું૦
કાયર નોકરથી જાવે મન સુખ, શું૦

બારોટ—કચેરીમાં સિદ્ધરાજ તથા જગદેવની તારીફ કરે છે.

કવિત

કરકેં શૃંગાર, સભામાં પધારી,
મોંગુની મોતીન તે, દેખતહી બટ્ટામેં.
સમશેર સહીત, સિદ્ધરાજે બોલાઈ,
હસ મુસકે, આપ બાત ડાર ગયે ઠેઠ્ઠામેં;
કહત કલ્યાન, રસ જોબન ઉમંગ ભર્યો,
કઠ મેં લગાય, રસ લુટ્યો ખુબ અટ્ટામેં
શિતળ સુપટ્ટામેં, પવન કે ઝપટ્ટામેં,
ગટપટ હુ રહે, દોઉ સબસ સપટ્ટામેં.

કવિત

અંગ અંગ ઉમંગ તરંગ રંગ ભર્યો,
ઉત્તર સિંહાસનસેં પધારે ઝરપ હે.
સિદ્ધરાજે ગૃહ્યો કર, દુઃખ પીર તેં પાયો ધીર,
જગદેવ કહ્યો સમજાય, ભયો ભાન કો દરપહે.

કલ્યાન કવિ અધિક ઈચ્છા ઈચ્છી સમે મે,
તહાં હાલત. સભાગિય અરજુન અથરપરે.
માનો મલીયા ચલ્લ કે શિખીર દુણીચ આહે,
લોટત સુગંધ લે લે કેશરી ફરત હે.

જાડેજી—સિદ્ધરાજ પ્રત્યે

પ્રવેશ ૧૭ મો

કહો તો રાજા સાથે હું આવું એરાગ

યૌવન બાગે વેલી સરવે ફુલી, અંકુર મરવા કુસુમ કલી ખુલી. ટેક
રંગ સુવર્ણ નેત્ર અણીઆળે, મુખ કમળ ચંદ્ર પ્રભા કાંમ સારે, યૌ.
હંસ ગતી જેવી ચાલ છે મારી, અંગોઅંગ ઓપે શોભા સારી, યૌ.
પૂર્વ જન્મનું ભાગ્ય હશે કોઇ. તમ સગ પિયુ પામી હું આંઈ, યૌ.
તરૂણુવય ખીલી અંગજ મારે, જોતાં ચપળા સચી રતી હારે. યૌ.

ગીતી

ભૈરવ નિત્યે આવી, સ્વામી મારૂં શિયળ કરે ભંગ;
વળી જબર જસ્તીથી, કહી આપે આપ કરે અંગ.

પ્રવેશ ૧૯ મો

સોલંકીણી—જગદેવની મા જગદેવ જય મેળવી પાછો ઘેર આ-
વ્યો ત્યારે આનંદમાં.

રાગ પીલુ

આનંદ દિવસ ભાગ્ય હમારાં, દર્શ થયાં પુત્ર આજે તુહારાં. ટેક.
આનંદ ઓચ્છવ આજે થયોછે, સ્નેહનો સૂર્ય તો ઝળકી રહ્યોછે. આ૦

સમાપ્તોય

સર્વે પાત્રો.

કલ્યાણ. (ઇંગ્રેજી રાહ)

સત્યને સજો, કુટિલતા તજો;
સત્ય સુબોધ જોઇ, સત્ય સુબોધને ભજો. સત્ય૦

સત્ય સુબોધનો મર્મ નજાણે તે માનવ શેનો;
તેથી સત્ય સુબોધ કરેછે સ્ફુટ નિર્ણય તેનો. સત્ય૦

આર્ય અનાર્ય નામથી માનવમાં છે બે ભેદો;
ધર્મ ભેદ કૃત વસ્તુ ભેદ એમ કહે સર્વ વેદો. સત્ય૦

સત્સામાન્ય વિશેષ પણેથી ધર્મ કહ્યો દ્વિધા;
સૂક્ષ્મ વિચાર પ્રચારથી જેની તિક્ષ્ણછે મેધા. સત્ય૦

ભેદક ધર્મ વિશેષ વસ્તુનો નહિં સામાન્ય ગણ્યો;
નિગમાગમ કરી નજરે જોણે મિથ્યા દંભ હણ્યો. સત્ય૦

ઘટથી પટપટથી ઘટ જુદો, નહિં પાર્થિવ ભાવે;
ઘટપણું પટપણું ધર્મ વિશેષ વિશેષ સમજાવે. સત્ય૦

સૌ માનવને એક સરીખા સમજી સત્યધર્મ;
સત્ય સુબોધ નાટય આ પ્રગટ્યું સૌનાં સત્કર્મે. સત્ય૦

શુકલ નિર્ભયરામ કહે છે, સમજી સૌ સુજનો;
સંપથી સત્ય સુબોધ ધારજો, કરવા શુદ્ધ મનો. સત્ય૦

જાહેર ખબર.

આ ચોપડી ધ્રાંગધ્રામાં રા. રા. માસ્તર એજન્સી પ્લીડર જીવણલાલ નથુભાઈને ત્યાંથી તથા હળવદમાં દવે. મંગળજી સુંદરજી પાસેથી તથા સત્યસુબોધ નાટક મંડળીનો જ્યાં મુકામ હશે ત્યાંથી રોકડી કિંમતે મળશે.

નિર્ભયરામ પુરૂષોત્તમ શુક્લ

મેનેજર.